# બાળ નરેન્દ્રની બાલીશતા



બાળક નરેન્દ્ર તોફાની અને હઠીલો હતો. કેટલીકવાર તે એવો  ઉશ્કેરાટમાં આવી જતો કે તેને કાબૂમાં રાખવાનું મુશ્કેલ બની જતું. ધમકી કે સમજાવટને તે વશ થતો નહીં. તેવે વખતે ભુવનેશ્વરીદેવી એક રામબાણ ઉપાય તેની ઉપર અજમાવતાં. મોટેથી બૂમો પાડતા નરેન્દ્રના માથા ઉપર તેઓ ઠંડું પાણી રેડતાં અને તેના કાનમાં ધીમે રહીને શિવનું નામ બોલતાં, એટલે નરેન્દ્ર શાંત થઈ જતો. કોઈ વાર ભુવનેશ્વરીદેવી કંટાળીને એમ કહેતાં કે  'મેં ભગવાન શંકર પાસે પુત્ર માગ્યો પણ એ ભૂતનાથે પોતાના એક ભૂતને જ મોકલી આપ્યો.'

સાધુસંતો પ્રત્યે નરેન્દ્રને નાનપણથી જ ખૂબ આદરભાવ હતો. તેમને ઘેર કોઈ પણ સાધુ આવે એટલે તે રાજી રાજી થઈ જાય. એકવાર એક સાધુએ બારણે ઊભા રહીને ભિક્ષા માગી. નરેન્દ્રે તેને પોતાની નવીનકોર ધોતલી આપી દીધી. ભુવનેશ્વરીદેવીને આ વાતની ખબર પડી, ત્યારથી તેઓ કોઈ સાધુ આવે ત્યારે નરેન્દ્રને ઓરડામાં પૂરી દેતાં. પણ નરેન્દ્ર આ યુક્તિમાં આવી જાય તેવો ન હતો. સાધુ-સંતોને જોતાં તેમને આપવાની વસ્તુ તે બારીમાંથી બહાર ફેંકી દતો. બહેનોને ચીડવવામાં તેને બહુ મજા પડતી. બાળક નરેન્દ્રનાં આવાં તોફાનો બહેનો તથા માતાને રમૂજ પણ કરાવતાં. ઘરના નોકરોમાં ઘોડાગાડીનો કોચમેન તેનો પ્યારો દોસ્ત હતો. ભવિષ્યમાં કોચમેન થવાના તેને કોડ હતા.

પ્રકાશક: સ્વામી ધ્રુવેશાનંદ
સંક્ષિપ્ત જીવન (પૃ.૫)